દાખલ તારીખ : ૦૮/૦૮/૨૦૧૮
રજી. લીધા તારીખ : ૦૮/૦૮/૨૦૧૮
ફેંસલ તારીખ : ૧૭/૦૬/૨૦૨૬
સમયગાળો : ૭ વર્ષ ૧૦ માસ ૧૧ દિવસ

सत्यमेव जयते

=========================================
**આંકલાવ મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ : આંકલાવ.**
=========================================

ફો. કેસ નં. ૩૬૬/૨૦૧૮
આંક :-

ફરીયાદી : શ્રી સ ર કા ર

વિરુધ્ધ

આરોપી : (૧) દિલીપભાઈ અમરસંગભાઈ માળી
(૨) દિનેશભાઈ નટુભાઈ માળી
(૩) અજયભાઈ કાળીદાસ માળી
તમામ રહે. સીંધરોટ રામજી મંદિર નાનો ભાગ તા. જી. વડોદરા

---

**ગુન્હો : ધી ગુજરાત પ્રોહી.ધારાની કલમ- ૬૬(૧)બી, ૬૫(ઈ), ૮૧, ૮૩ મુજબ.**

---

સરકાર તર્ફે : વિ.એ.પી.પી. શ્રી એસ.કે.રાવલ
આરોપી પક્ષ તર્ફે : વિ.વકીલ શ્રી જે.એસ.ઠક્કર

---

-:: <u>ચુકા દો</u> ::-

(૧) આ કામે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદ હકીકત એવી છે કે, આ કામના તોદારોએ તા.૦૧/૧૦/૨૦૧૬ ના રોજ કલાક ૨૨/૦૦ વાગ્યના સુમારે મોજે હઠીપુરા બસ સ્ટેન્ડ નજીક વગર પાસ પરમિટે ત્રણ મિણિયાની કોથળીઓમાં કુલ - ૪૫ નંગ કોથળીઓમાં બે લીટર લેખે કુલ ૯૦ લીટર કિંમત રૂા. ૧૮૦૦/- નો વગર પાસ

પરમિટનો દેશી દારૂ પોતાના કબ્જા ભોગવટામાં રાખી જાહેરમાંથી મળી આવી પકડાઇ જઇ ગુનો કરી ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ- ૬૬(૧)બી, ૬૫(ઇ), ૮૧, ૮૩ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે. સદર ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદાર તપાસ પૂર્ણ કરી અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ.

(૨) ત્યારબાદ આરોપીઓને સમન્સ કરતા આરોપીઓ હાજર રહેતા ન હોય, આરોપીઓ ઉપર અવાર-નવાર પકડ વોરંટ કાઢવામાં આવેલ હોય, પરંતુ આરોપીને કોર્ટ સમક્ષ હાજર રખાવી શકેલ નથી અને આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેમ નથી અને તેની ગેરહાજરીના પરિણામે કેસની કાર્યવાહીમાં વિલંબ પડે છે. તેથી આ તમામ સંજોગોનો લક્ષમાં લઈ સી.આર.પી.સી. કલમ-૨૯૯(૧) અન્વય આરોપીની ગેરહાજરીના પરિણામે કેસની કાર્યવાહી વિલંબમાં ન પડે તે હેતુથી કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ, પરંતુ ત્યારબાદ આરોપીઓ હાજર થતાં ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ મુજબ આરોપીઓને પોલીસ પેપર્સ આપવામાં આવેલ હોવાનુ ખાતરી કરવામાં આવેલ. ત્યારબાદ સદર કામે આરોપીઓ સામે આંક-૧૫ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તહોમતનામાના અનુસંધાનમાં આરોપીઓની આંક-૧૬ થી ૧૮ પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલ છે. જેથી ફરીયાદપક્ષે આરોપીઓ સામે તહોમતનામા મુજબનો ગુનો પુરવાર કરવા માટે નીચે જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવા :-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | પંચ સાહેદ શાંતિલાલ આશાભાઇ સોલંકીની જુબાની | ૦૩ |

| | | |
|---|---|---|
| ૦૨ | ફરિયાદી અ.પો.કો. અસ્પાકઅલી કાસમઅલીની જુબાની | ૦૫ |
| ૦૩ | ત.ક.અ.શ્રી અ.હે.કો. અશોકભાઇ રાવજીભાઇ સોઠાની જુબાની | ૧૨ |

**<u>દસ્તાવેજી પુરાવા :–</u>**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૦૧ | પંચનામું | ૦૪ |
| ૦૨ | ફરિયાદ | ૦૬ |
| ૦૩ | એફ.આઇ.આર. | ૧૩ |

(૪) ફરીયાદપક્ષ તરફે આ સિવાય અન્ય કોઈ મૌખિક કે લેખીત દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતી પરથી ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ નહિં આવતાં આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ઉભયપક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૫) ઉપરોકત હકીકતે કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ સારૂં નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત છે.

**:: મુ દ્દા ઓ ::**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તોદારોએ તા. ૦૧/૧૦/૨૦૧૬ ના રોજ કલાક ૨૨/૦૦ વાગ્યના સુમારે મોજે હઠીપુરા બસ સ્ટેન્ડ નજીક વગર પાસ પરમિટે ત્રણ મિણિયાની કોથળીઓમાં કુલ – ૪૫ નંગ કોથળીઓમાં બે લીટર લેખે કુલ ૯૦ લીટર કિંમત રૂા. ૧૮૦૦/– નો વગર પાસ પરમિટનો દેશી દારૂ પોતાના કબ્જા ભોગવટામાં રાખી જાહેરમાંથી મળી આવી પકડાઇ જઇ ગુનો કરી ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ– ૬૬(૧)બી, ૬૫(ઇ), ૮૧, ૮૩ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

ર. આખરી હુકમ મુજબ.

:: કા ર ણો ::

**<u>મુદ્દા નં.૧ અને ર :-</u>**

(૭) ફરીયાદ પક્ષે મુદ્દામાલ કબજે કરેલાનું પંચનામું આંક- ૦૪ થી રજૂ કરેલ છે. સદર પંચનામાના પંચ સાહેદ શાંતિલાલ આશાભાઇ સોલંકીની જુબાની આંક- ૦૩ થી તપાસેલા છે. સદર પંચ સાહેદની જુબાની વંચાણે લેતાં તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલાનું જણાવે છે. પંચનામાની વિગતો અંગે તેઓને કોઈ માહિતી ન હોવાનું ફલિત થાય છે. સદર પંચસાહેદ ફરી ગયેલા છે અને વિ.એ.પી.પી.શ્રીની વધુ તપાસમાં પણ ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી જુબાનીઓ આપતા નથી. આ સંજોગોમાં પંચનામાની વિગતો પુરવાર થતી ન હોય મુદ્દામાલ આરોપી ઓ ના કબજામાંથી મળી આવ્યાની હકીકત શંકાસ્પદ બને છે, જેનો લાભ આરોપીઓને મળવાપાત્ર બને છે.

(૮) ફરીયાદપક્ષે ફરિયાદી અ.પો.કો. અસ્પાકઅલી કાસમઅલીને આંક- ૦૫ થી તપાસી આંક-૦૬ થી ફરીયાદ રજુ કરવામાં આવેલ છે, જયારે ત.ક.અ.શ્રી અ.હે.કો. અશોકભાઇ રાવજીભાઇ સોઠાનાઓને આંક- ૧ર થી તપાસી આંક-૧૩ થી એફ.આઈ.આર. રજુ કરવામાં આવેલ છે. અત્રે એ નોંધ લેવી ઘટે છે કે, હાલના કામે તપાસનીશ અધિકારીએ પોલીસ સાહેદો સિવાય કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદનો લીધેલ નથી તેમજ તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન કારક પુરાવો આપેલ છે, પરંતુ પંચ સાહેદે ફરીયાદ પક્ષની તરફેણમાં લેશમાત્ર પુરાવો આપેલ નથી, પંચ સાહેદે માત્ર પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે. આમ, ત.ક.અ.શ્રી ના પુરાવાને પંચ સાહેદના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. વધુમાં

બનાવવાળી જગ્યાની પરિસ્થિતિ જોતાં સ્વતંત્ર સાહેદો સહેલાઈથી ઉપલબ્ધ થઈ શકે તેમ હતા, તેમ છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. આમ, આ કામે તટસ્થ અને સ્વતંત્ર સાહેદી પુરાવાનો અભાવ છે. સદરહું કામે પોલીસ સાહેદોની જુબાનીને અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોની જુબાનીથી કોઈ સમર્થન મળેલ નથી તેમજ પંચ સાહેદના પુરાવાથી ફરીયાદ પક્ષને લેશમાત્ર સમર્થન મળતુ નથી, એવા સંજોગોમાં માત્ર પોલીસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેમજ પંચોની હાજરીમાં પંચનામામાં જણાવેલ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેવું ફરીયાદ પક્ષના પુરાવાથી સાબિત થતું નથી.

ફરીયાદ પક્ષે મુદ્દામાલ દેશી દારૂ હોવા અંગે કોઈ પરિક્ષણ કરાવવામાં આવેલ હોય તેવો પણ કોઈ પુરાવો રજૂ થયો નથી.

આમ, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો લક્ષમાં લેતાં ફરીયાદ પક્ષના કેસમાં વાજબી શંકા ઉત્પન્ન થાય છે, ત્યારે ફોજદારી કાર્યવાહીમાં શંકાનો લાભ હંમેશા આરોપીની તરફેણમાં જાય છે તેવો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે.

(૯) ફરીયાદ પક્ષે રજૂ થયેલ સમગ્ર મોખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું એકબીજા સાથે સાંકળીને તેમજ સ્વતંત્રપણે મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામના તોદારોએ તા. ૦૧/૧૦/૨૦૧૬ ના રોજ કલાક ૨૨/૦૦ વાગ્યના સુમારે મોજે હઠીપુરા બસ સ્ટેન્ડ નજીક વગર પાસ પરમિટે ત્રણ મિણિયાની કોથળીઓમાં કુલ – ૪૫ નંગ કોથળીઓમાં બે લીટર લેખે કુલ ૯૦ લીટર કિંમત રૂા. ૧૮૦૦/– નો વગર પાસ પરમિટનો દેશી દારૂ પોતાના કબ્જા ભોગવટામાં રાખી જાહેરમાંથી મળી આવી પકડાઇ જઇ ગુનો કરીકરેલાનું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. જેથી મુદ્દા નં.૧ નો જવાબ ''નકારમાં'' આપી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામના આરોપીઓ (૧) દિલીપભાઇ અમરસંગભાઇ માળી (૨) દિનેશભાઇ નટુભાઇ માળી (૩) અજયભાઇ કાળીદાસ માળી, તમામ રહે. સીંધરોટ રામજી મંદિર નાનો ભાગ , તા.જી. વડોદરા નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૮(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ– ૬૬(૧)બી, ૬૫(ઈ), ૮૧, ૮૩ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે કબ્જે લેવામાં આવેલ પ્રોહી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ અગાઉ આપેલ જામીન તથા જાત મુચરકો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭ એ મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તારીખ : ૧૭, માહે : જુન , સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૭/૦૬/૨૦૨૬
સ્થળ : આંકલાવ.

**(એ.બી.સિંઘવી)**
જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
આંકલાવ
જજ કોડ જી.જે.૦૧૫૮૬

(M.M.Pathan)
Stenographer